| | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | **૦૧/૦૭/૨૦૨૬** | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૨ | ૧૧ |

**<u>ફોજદારી પરચરણ અરજી નં. ૯૧૯/૨૦૨૬</u>**

**<u>આંક–૪/સી</u>**

---

**ના.શ્રી ત્રીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટની અદાલતમાં,**
**મુ. : ભુજ–કચ્છ.**

---

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,**
(બાદ "અરજદાર" તરીકે ઓળખાશે)
મારફત તેના અધિકૃત અધિકારી,
કંપનીઓ (એક્વિઝીશન અને ટ્રાન્સફર અંડરટેકિંગ્સ)
એક્ટ ૧૯૮૦,હેઠળ સમાવિષ્ટ એક કોર્પોરેટ બોડી,
જેની શાખા, આરએસીપીસી- આદિપુર-કચ્છ.
મારફત તેના અધિકૃત અધિકારી,
**શ્રી અશ્વિનીકુમાર સુમન,ચીફ મેનેજર.**

**...અરજદાર**

**<u>વિરૂધ્ધ</u>**

**(૧) શ્રી રૂપેશ દેવીદાન ભોજંગ, (ઉધાર લેનાર)**
રહે.જી–૩, અનમોલ સોસાયટી,
હંગામી આવાસ, ભુજ–કચ્છ. ૩૭૦૦૨૦

**....સામાવાળા**

---

**ગુન્હો :–** સીક્યુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ–૨૦૦૨ ની કલમ–૧૪ મુજબ

---

અરજદાર તરફે : વિધ્વાન વકીલ શ્રી –કે.આર.મડીયાર
સામાવાળા તરફે : વિધ્વાન વકીલ શ્રી ––

---

**-: હુકમ :-**

(૧) અરજદાર સંસ્થાએ સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ અન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ-૨૦૦૨ ની કલમ-૧૪ અન્વયે હાલની આ અરજી કરી, અરજીમાં જણાવ્યા મુજબની મિલકત જે અરજીના પેરા નંબર-૩, તથા શીડયુઅલમાં જણાવેલ ચર્તુદિશા મુજબની મિલકતનો કબજો મેળવવા આ અદાલત ધ્વારા નિમાયેલ જવાબદારને હાજર રાખી કબજો અપાવવા મદદની માંગણી કરેલ છે. અરજદારે અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતાં અરજદાર દ્બારા સામાવાળાને નોટીસ કરેલ છે, જે બાદ સામાવાળાએ અરજદાર સંસ્થાની લેણી રકમની ચુકવણી કરેલ નથી.

(૨) અરજદારે જ્યારે સામાવાળાને કલમ-૧૩(૨) ની નોટીસ કરેલ છે. આ કામે નામદાર મદ્રાસ હાઈકોર્ટના ઈન્ડીયન ઓવરસીઝ બેંક કે. અભીષેક પુરમ બ્રાન્ચ વિરુધ્ધ અરવિંદ સ્ટીલ લી. એ.આઈ.આર. ૨૦૦૯ મદ્રાસ ૧૦ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ સીકયુરીટી એકટની કલમ-૧૪ હેઠળની અરજીમાં અદાલતે સામાવાળાને નોટીસ બજાવવાની કોઈ જરૂરીયાત નથી. અદાલતને માત્ર એટલુ જ જોવાનું હોય છે કે, સીકયોડ ક્રેડીટર દવારા કલમ-૧૩(૨) હેઠળની સામાવાળાને નોટીશ કરવામાં આવેલ છે કે કેમ ? ઉપરોકત ચુકાદાને લક્ષમાં લેતા સામાવાળાને નોટીશ કરવાની જરૂરીયાત નથી. જેથી સદર કામ સુનાવણી પર લેવામાં આવેલ. અરજદારના વિદ્બાન વકીલશ્રીને સાંભળ્યા.

(૩) અરજદારે તેમની અરજીના સમર્થનમાં દસ્તાવેજી આધારો રજુ કરેલ છે, જે પૈકી અરજદાર સંસ્થાના અધિકૃત અધિકારીનું અરજદાર વતી અરજદારને આપવામાં આવેલ અધિકાર પત્રની નકલ રજુ કરેલ છે તે જોતાં તેઓ અરજદાર સંસ્થાના અધિકૃત વ્યક્તિએ તેના વતી હાલની આ અરજી કરેલ છે. તેમણે અરજીમાં જણાવેલ છે કે, અરજદાર સંસ્થા પાસેથી સામાવાળાએ લોન કુલ રૂ.૭,૫૦,૭૭૫/- ની લોન મેળવેલ છે. રૂ.૬,૬૩,૯૭૪/- મુજબની ડીમાન્ડ નોટીસ આપેલ છે અને તે મુજબની

બાકી રકમ છે. જે સામાવાળાઓએ ઉપરોકત મિલકત સિકયોરીટી પેટે રજુ કરી તેના દસ્તાવેજ જમા કરાવેલ. અરજદાર દ્વારા વારંવાર વિનંતી કરવા છતાં સામાવાળાઓએ લોનની ભરપાઈ ન કરેલ. લોનનું ખાતુ એન.પી.એ. થયેલ છે. અરજદાર સામાવાળાઓની ઉપરોકત મિલકત ઉપર સિકયોરીટી ઈન્ટરેસ્ટ ધરાવે છે. તેમજ ધિરાણ લેનાર ધિરાણની રકમ વસુલ આપવામાં નિષ્ફળ ગયેલ છે અને તેઓને કલમ-૧૩(૨) અન્વયે નોટીસ આપેલી છે જે નોટીસનો તેઓએ કોઈ જવાબ આપેલો નથી કે કોઈ ધિરાણ પેટે ચુકવણું કરેલ નથી અને સરફેસી એક્ટની જોગવાઈ તેમજ નિયમોનું પાલન કરેલ છે.

(૪) અરજીનું રેકર્ડ જોતા અરજીના સમર્થનમાં જોતાં અરજદારે અરજીના સામાવાળાઓને આપેલ સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ સામાવાળાઓને આપેલ સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઍન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ-૨૦૦૨ ની કલમ-૧૩(૨) અન્વયે રજી.એ.ડી. થી મોકલેલ નોટીસની નકલ રજુ કરેલ છે તેમજ સામાવાળાઓને વર્તમાનપત્ર દ્વારા આપવામાં આવેલ જાહેર નોટીસની નકલ રજુ કરેલ છે. સામાવાળાઓ તરફે તેઓને આવી કોઈ નોટીસ મળેલ ન હોવાની કોઈ તકરાર નથી. સદર નોટીસ જોતાં આ નોટીસ તા.૨૫/૯/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલ છે અને બાકી લેણાંની રકમ નિયત સમય મર્યાદામાં ભરપાઈ કરવા સામાવાળાઓને જણાવેલ છે. આમ, અરજદારે કાયદાની જોગવાઈ મુજબ નોટીસ આપી બાકી લેણી રકમ ભરપાઈ કરવા સામાવાળાઓને નિયત સમય આપેલ છે.

(૫) આમ, અરજદારે અરજીના સમર્થનમાં નિયમ મુજબ સોગંદનામું કરી તથા સામાવાળાઓને કાયદાની જોગવાઈ મુજબ નોટીસ આપી અને કાયદાએ નિયત કરેલ સમયમાં બાકી લેણું ભરપાઈ કરવા સામાવાળાઓને તક આપેલ હોય અરજદારે આ અરજી માટે જરૂરી જોગવાઈઓનું પાલન કરેલ છે.

(૬) વધુમાં, અરજદાર તરફથી સામાવાળાઓને સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઇન્ટરેસ્ટ એકટ–૨૦૦૨ ની કલમ–૧૩(૨) અન્વયે રજી.એ.ડી. થી નોટીસ મોકલવામાં આવેલ છે. આમ, અરજદારે અરજીના સમર્થનમાં નિયમ મુજબ સોગંદનામું કરેલ છે તેમજ સામાવાળાઓને કાયદાની જોગવાઈ મુજબ નોટીસ પણ મોકલેલ છે તેમજ કબજા નોટીસ પણ પબ્લીકેશન કરાવી અને કાયદાએ નિયમ કરેલ સમયમાં બાકી લેણું ભરપાઈ કરવા સામાવાળાઓને તક આપી, અરજદારે હાલની આ અરજી માટે જરૂરી જોગવાઈઓનું પાલન કરેલ છે. જેથી અરજદારને અરજીના શીડયુઅલમાં જણાવેલ મિલ્કતનો કબજો લેવા અદાલતની મદદ મેળવવા હકકદાર હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>–:: આખરી હુકમ ::–</u>

૧. અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ–૨૦૦૨ ની કલમ–૧૪(૧–એ) અન્વયે કોર્ટ કમિશ્નર તરીકે કાર્યવાહી કરવા માટે <u>શ્રી કે.આર. પાઠક, રજીસ્ટ્રાર, શ્રી પ્રિન્સીપાલ સિનીયર સિવીલ મેજીસ્ટ્રેટ સા.ની કોર્ટ, ભુજ–કચ્છ</u> ને અધિકૃત કરવામાં આવે છે.

૩. અરજદાર સંસ્થાના અધિકૃત વ્યક્તિએ કોર્ટ કમિશ્નરશ્રી સાથે સંપર્ક કરી કબજો લેવાની કાર્યવાહી દરમ્યાન હાજર રહેવુ.

૪. કોર્ટ કમિશ્નરશ્રીએ અરજીમાં જણાવેલ મિલકતનો કબજો લઈ. અરજદાર સંસ્થાને કબજો સોંપી આપવો.

૫. જો ઉપરોકત મિલકતો બંધ હાલતમાં જણાય તો કોર્ટ કમિશ્નર તે મિલક્તનું તાળું ખોલી/તોડીને અથવા અન્ય કોઈપણ રીતે મિલકતનો કબજો લઈ શકશે.

૬. ઉપરોકત મિલકતનો કબજો લીધા બાદ જોઈ ઉપરોકત મિલકતમાં કોઈ માલ સામાન અથવા કોઈ દસ્તાવેજો જણાઈ આવે તો તેની કોર્ટ

કમિશ્નરશ્રીએ યાદી (બે નકલમાં) તૈયાર કરવી અને તેની એક અસલ પ્રત અરજદારને આપવી અને બીજી પ્રત અદાલતના રેકર્ડમાં રજુ રાખવી.

૭. ઉપરોકત મિલકતો જે પોલીસ સ્ટેશનની હદમાં આવતી હોય તે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી/પોલીસ ઈન્સ્પેકટરે મિલકતનો કબજો લેતાં સમયે કોર્ટ કમિશ્નરશ્રીને પોલીસની મદદ/રક્ષણ આપવું. અરજદારે પોલીસ રક્ષણ મેળવવા માટે જરૂરી કાર્યવાહી કરવી અને તેનો ખર્ચ ભોગવવો, કોર્ટ કમિશ્નરશ્રી તેમના વાજબી મત મુજબ જરૂરી પગલા ભરી શકશે અને જરૂરી બળપ્રયોગ કરી શકશે. હકુમત ધરાવતા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને યાદી કરવી.

૮. ઉપરોકત મિલકતનો કબજો લેવા માટે થનાર તમામ ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે અને મિલકતનો કબજો લેવા માટે કમિશ્નરશ્રીને જે કાયદેસર મદદની જરૂર હોય તે પુરી પાડવી.

૯. અરજદારે આ મિલકતનો કબજો લેવાના કમિશ્નરશ્રીના મહેનતાણા પેટે હાલના તબકકે રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) જમા કરાવવા. આ રકમ જમા થયાના ૯૦ (નેવું) દિવસમાં અથવા આ અદાલત જે સમય લંબાવી આપે તે સમયમાં મિલકતનો કબજો લેવાની કાર્યવાહી પુર્ણ કરવી અને તેનો અદાલતમાં રીપોર્ટ કરવો.

હુકમ આજ તારીખ : ૦૧ લી, જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૦૧/૦૭/૨૦૨૬
ભુજ-કચ્છ

**(રાહુલ સતીશભાઈ સિંગલ)**
ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
**ભુજ-કચ્છ (કોડ નં. જીજે૦૧૪૧૦)**

**L.H.RABARI**